આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૫-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## મન કી બાત-સુચનો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 28મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. આ 112મો એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો આવતીકાલે શુક્રવાર 26 તારીખ સુધીમાં મોકલવાના રહેશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને **MyGov** ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## પ્રાકૃતિક ખેતી-રાજ્યપાલ

રાજ્યમાં એક વર્ષમાં વધુ 10 લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ છે. પ્રાકૃતિક ખેતી માટે કાર્યરત્ ઉચ્ચ અધિકારીઓ અને સંયોજકોની સમીક્ષા બેઠકમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આમ જણાવ્યું હતું. શ્રી દેવવ્રતે

જણાવ્યું કે, હાલમાં રાજ્યમાં 9 લાખ 35 હજાર ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું, કેન્દ્ર સરકારના લક્ષ્યાંકને પાર પાડવા આપણે ગુજરાતમાં દસ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાના છે. ખેતીમાં ખંતથી કામ કરતી મહિલાઓને પ્રાકૃતિક કૃષિ સખી તરીકે તૈયાર કરવા 5 દિવસની તાલીમ આપવામાં આવે છે. તેમ જ પ્રત્યેક ગામમાં એક ખેડૂત પ્રાકૃતિક ખેતીનું 'મોડેલ ફાર્મ' તૈયાર કરે એ દિશામાં યુદ્ધસ્તરે કામગીરી હાથ ધરાઈ છે.

**(RNU અમદાવાદ)**

---

## મુખ્યમંત્રી-ભુપેન્દ્ર પટેલ-કરવેરા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે 165મા “આવકવેરા દિવસ” નિમિત્તે રાજ્યના અગ્રણી કરદાતાઓનું સન્માન કર્યું હતું. અમદાવાદ ખાતે આવકવેરા વિભાગ દ્વારા યોજાયેલા કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી કર્મયોગીઓને વિકાસના વિશ્વકર્મા અને દેશની આર્થિક સક્ષમતાના પ્રહરી ગણાવ્યા હતા.

શ્રી પટેલે કહ્યું કે, કરદાતાઓની મૂડીનો જનકલ્યાણની યોજનાઓમાં સુયોગ્ય રીતે ઉપયોગ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીએ ડિજિટલ સેવાઓથી આવકવેરા સુવિધામાં આવેલી પારદર્શિતા અને પ્રામાણિકતા અંગે પણ વાત કરી હતી. કેન્દ્રીય અંદાજપત્ર 2024-25માં કરવેરાને સરળ બનાવવા તથા કરદાતાઓની સેવા-સુવિધામાં સુધારો કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોની પણ પ્રસંશા કરી.

મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે ગયા નાણાકીય વર્ષ દરમિયાન ગુજરાતમાં 64 હજાર કરોડ રૂપિયાના કરવેરા મળ્યા છે, જે ખૂબ જ મહત્વનું યોગદાન છે, અને ગુજરાતનો ફાળો લગભગ 33.49 ટકા રહ્યો છે.

**(RNU અમદાવાદ)**

---

## રેલ્વે મંત્રાલય-બજેટ

રેલવે મંત્રાલય દ્વારા રાજ્યનાં 87 સ્ટેશનનો અમૃત સ્ટેશન તરીકે વિકાસ કરાશે. રેલવે ક્ષેત્રમાં ગુજરાતને આપવામાં આવેલી સુવિધા અંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી વાત કરતાં કહ્યું કે, રાજ્યમાં નવા 224 રેલવે ટ્રેક આ બજેટ અંતર્ગત બનાવવામાં આવશે.

શ્રી વૈષ્ણવે કહ્યું, અમદાવાદ—મુંબઈ બુલેટ ટ્રેનનો 508 કિલોમીટરનો પ્લાન છે. આ કામ ખૂબ જ પ્રગતિમાં ચાલી રહ્યું છે. હાલમાં અમદાવાદના સાબરમતીમાં આ પ્રૉજેક્ટ પૂર્ણ થયો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-વરસાદ બેઠક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકમાં હાલ સમગ્ર રાજ્યમાં વ્યાપક અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

જે સંદર્ભે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ભારે વરસાદને પરિણામે જે જિલ્લાઓ-વિસ્તારોમાં પાણી ભરાવાની અને માલ-મિલકતને નુકસાન થવાની વિકટ સ્થિતિ થઈ છે ત્યાં બચાવ રાહત કામગીરીમાં જિલ્લા તંત્રના માર્ગદર્શન માટે સંબંધિત જિલ્લાના પ્રભારી મંત્રીઓને પહોંચી જવાની સૂચનાઓ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી

આ ઉપરાંત રોડ-રસ્તા, ડેમ, વીજળી, પાણી પુરવઠો, ખેતીવાડીને થયેલ નુકસાન સહિતની બાબતોની તલસ્પર્શી સમીક્ષા મંત્રીમંડળની બેઠકમાં થઈ હતી.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------------

## જિલ્લા વરસાદ-ડેમ

જિલ્લામાં ચાલુ વર્ષે થયેલા સાર્વત્રિક વરસાદના કારણે કચ્છ જિલ્લા પંચાયત હસ્તકની  સિંચાઈ શાખાના 170 ડેમ પૈકી 58 ડેમ છલકાઈ ગયા છે. જિલ્લાના આ ડેમ કુલ 84 ટકા પાણીનો જથ્થો સંગ્રહિત થયો છે.

**(આરતી ભટ્ટ/NP)**

-----------------------------------------------------------------------